2

Serial No 28560 /20
2912217
20 Rs.
JAYPALSINH R. JADEJA
NOTARY, BHAVNAGAR

INDIA
TWENTY RUPEES
२०रू. 20Rs.

<u>ડો. કે. આર.દોશી ટ્રસ્ટ</u>

તારીખ ૦૬/૧૧/૧૯૯૯ નાં રોજ ભાવનગર મધ્યે (૧) શ્રી કે. આર. દોશી (જેમને હવે પછી આ દસ્તાવેજમાં " સેટલર" તરીકે ઓળખવામાં આવશે અને તે શબ્દના અર્થમાં તેમના વંશ, વાલી, વારસો, વહીવટકર્તા, પ્રતિનિધિઓનો સમાવેશ થશે.)

અને

(૧) શ્રી અમરભાઈ આચાર્ય

(૨) શ્રી રાજુભાઈ બાભંણીયા

(૩) શ્રી કૌશિકભાઈ પંડયા

(૪) શ્રી ધર્મેન્દ્રસિંહ ગોહિલ

(૫) શ્રી આશીષ આચાર્ય

COMPARED BY ME
JAYPALSINH R. JADEJA
NOTARY, BHAVNAGAR

NOTARY
J. R. JADEJA
BHAVNAGAR DIST.
Gujarat State
Reg. No 821
GOVT. OF GUJARAT

(જેમને હવે પછી " ટ્રસ્ટીઓ" તરીકે સંબોધવામાં આવશે અને તે શબ્દના અર્થમાં તેમના વહીવટકર્તા, પ્રતિનિધિઓનો સમાવેશ થશે તથા હવે પછી જે ટ્રસ્ટીઓને ઉમેરવામાં કે ઘટાડવામાં આવે તે તમામનો સમાવેશ થશે.)

આ દસ્તાવેજમાં સેટલર આ ટ્રસ્ટને માટે રૂા. ૫૧–૦૦ ની રકમ નીચેના સમાન્ય હેતુઓ માટે સેટલ કરે છે.

જેવા કે જ્ઞાતી કે ધર્મના ભેદભાવ વિના શિક્ષણ આપવાની અને તે માટે શાળા તથા કોલેજ સ્થાપવી, પ્રયોગ શાળા તથા સંશોધન ખંડો બનાવવા આરોગ્યનું વાતાવરણ ઉભુ કરવા યોગ્ય જહેમત, દર્દીઓને યોગ્ય વૈદકીય સારવાર માટે મદદ, રોગો આગળ વધતા અટકાવવા , વૈજ્ઞાનીક શોધખોળ ઉપરાંત શારીરીક અને

GOVT. OF GUJARAT Reg. No. 821

માનસીક રીતે અપંગને મદદ તથા આવાજ હેતુઓ વાળા ટ્રસ્ટોનું જોડાણ વિગેરે હેતુઓ સાથે આ ટ્રસ્ટ સેટલ કરવામાં આવે છે.

૧) ટ્રસ્ટનું નામઃ

આ ટ્રસ્ટનું નામ " ડો. કે. આર. દોશી ટ્રસ્ટ" તરીકે ઓળખાશે.

૨) રજીસ્ટર્ડ ઓફીસઃ

કુસુમકુંજ, પ્લોટ નં. ૧૮૭૮ , આતાભાઈ રોડ, ભાવનગર

૩) ડો. કે. આર. દોશી ટ્રસ્ટના ઉદેશો

(ક) ટ્રસ્ટીઓ યોગ્ય લાગે તે રીતે શિક્ષણની પ્રગતી માટે, ગરીબોની મદદ, વૈદકીય સારવાર તથા આર્થીક મદદ આ ટ્રસ્ટના ફંડમાંથી કરી શકાશે.

(ખ) અંધ, બહેરા મુંગા તથા મંદ બુધ્ધિવાળા અને અપંગ લોકોને સ્થાયી થવામાં તથા જીવન નિર્વાહમાં મદદરુપ થવું.

(ગ) પબ્લીક હોસ્પીટલ, કલીનીક, વૈદકીય અભ્યાસ, નર્સીગ હોમ તથા આ સઘળાને આગળ ધપાવવા માટે વિદ્યાર્થી છાત્રાલયો વિગેરે ઉભા કરવા તથા રીસર્ચ ઈન્સ્ટીટયુટ લેબોરેટરીઓ વગેરે શૈક્ષણીક ઉપયોગી કાર્યો કરવા.

(ઘ) ગરીબોને જીવન જરૂરીયાતની પાયાની વસ્તુઓ જેવી કે ખોરાક, અને કપડા મળે તે રીતે તથા ગરીબ વિદ્યાથીઓ સમાજમાં ગર્વભેર માથુ ઉચકી રહી શકે તે માટે યોગ્ય કાર્યો કરવા.

(ચ) આજની દુનિયાની ક્ષિતીજો વિશાળ બની છે ત્યારે આપણા યુવાનોનાં રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ટેકનોલોજી, જેવી કે મીકેનીકલ, ઈલેકટ્રીકલ, ઈલેકટ્રોનીકસ, સીવીલ તેમજ પર્યાવરણ, આરોગ્ય વિષયક અને ખેલકુદ તેમજ વિવિધ ભાષાઓના શિક્ષણ અને તાલીમ મળે તેવી પ્રવૃતિ કરવી. આ ઉપરાંત નીચેના કાર્યો કરશે.

(૧) અલગ અલગ ભાષાના શિક્ષણ તથા તાલીમની સુવિધાઓ પુરી પાડવી.

(૨) ભાષાઓ અંગેની પ્રયોગશાળા તૈયાર કરવી.

(૩) ભાષા અંગેના સંશોધનો કરવા માટે જરુરી સગવડો પુરી પાડવી.

(૪) બધી ભાષના પુસ્તકો ધરાવતુ પુસ્તકાલય તૈયાર કરવું.

(૫) ઉપરોકત ભાષાઓના સાહિત્યના પ્રકાશન માટે યોગ્ય વ્યવસ્થા ઉભી કરવી.

(૬) ઉપરોકત ઉદેશો તથા તે ઉદેશોની પૂર્તિ કરવા માટે ટ્રસ્ટીઓ યોગ્ય લાગે તે તમામ પગલા ભરી શકાશે. ઉપરોકત ઉદેશો ધરાવતા કોઈપણ ટ્રસ્ટ સાથે આ ટ્રસ્ટ જોડાણ કરશે અથવા પોતાની અંદર સમાવી શકાશે.

૪) કાર્યક્ષેત્ર અને કાર્યક્રમોઃ

ઉપર્યુકત ઉદેશોની પૂર્તિ માટે જે જે યોગ્ય કાર્યક્રમો લાગે તેની જાહેરાત ટ્રસ્ટીઓ કરી શકશે અને આ ઉદેશોને અનુલક્ષીને જે વિસ્તારમાં આ ટ્રસ્ટને કાર્ય કરવાનું યોગ્ય લાગે તે વિસ્તારમાં પોતાનું કાર્યક્ષેત્ર બનાવી શકશે.

૫) બોર્ડ ઓફ ટ્રસ્ટીઝઃ

આગળ દર્શાવ્યા મુજબના ટ્રસ્ટીઓ ટ્રસ્ટના પ્રથમ ટ્રસ્ટીઓ તરીકે રહેશે.

ઉપરાંત આ ટ્રસ્ટમાં ઓછામાં ઓછા ત્રણ તથા વધુમાં વધુ અગીયાર ટ્રસ્ટીઓ રહેશે અને કોઈ કારણસર ટ્રસ્ટીઓની જગ્યા ખાલી પડે ત્યારે બાકીના ટ્રસ્ટીઓ નવા ટ્રસ્ટીની નિમણુંક કરી શકશે તથા તે ઉપરાંત પણ અગીયારની મર્યાદામાં ટ્રસ્ટીઓની નિમણુંક કરી શકાશે.

હાલના ટ્રસ્ટીઓઃ

(૧) શ્રી અમરભાઈ આચાર્ય

(૨) શ્રી રાજુભાઈ બાભંણીયા

(૩) શ્રી કૌશિકભાઈ પંડયા

(૪) શ્રી ધર્મેન્દ્રસિંહ ગોહિલ

(૫) શ્રી આશીષ આચાર્ય

૬) ટ્રસ્ટીઓની સતા અને અધિકારોઃ

(૧) ટ્રસ્ટના વહીવટ અને વ્યવસ્થા માટે મેનેજીંગ ટ્રસ્ટી, મંત્રી, ખજાનચી, વગેરે નિયુકત કરી શકાશે.આ હોદાઓ અંગે તેના સ્થાન અને કાર્યો અંગેના નિયમો ટ્રસ્ટી મંડળ નકકી કરશે.

(૨) આ ટ્રસ્ટના હેતુઓને પરિપુર્ણ કરવા માટે જરુરી પ્રવૃતિઓ કરશે.

(૩) ટ્રસ્ટીઓ ટ્રસ્ટ માટે નાણાંકીય વ્યવસ્થા કરશે. બજેટ મંજુર કરશે તથા ટ્રસ્ટની સંસ્થાઓની નાણાકીય વહીવટ પણ સંભાળશે.

(૪) ટ્રસ્ટીઓ ટ્રસ્ટની સ્થાવર જંગમ મીલ્કતની દેખરેખ સંભાળ તથા અન્ય વ્યવસ્થાઓ જ કરશે અને આ મીલકતોને ભાડે કે વેચાતી આપી શકશે અથવા અન્ય ઉપયોગ કરી શકાશે તથા જરુરી લાગે અન્ય મીલ્કતો ટ્રસ્ટ માટે ખરીદી શકશે.

(૫) ટ્રસ્ટ સંચાલીત સંસ્થાઓ માટેના નિયમો બનાવી શકશે તથા તેમાં ફેરફાર કરી શકશે અને તે રીતે ટ્રસ્ટના કલ્યાણ તથા વિકાસ માટે માર્ગદર્શન આપશે.

(૬) ટ્રસ્ટ માટે તથા ટ્રસ્ટની અન્ય સંસ્થાઓના સંચાલન માટે ટ્રસ્ટીઓ જરુરી વ્યકિતઓ સલાહકો કે પેટા સમીતીઓની રચના કરી શકશે તથા તેમાં ફેરફાર કરી શકશે અને દરખાસ્ત કરી શકશે.

(૭) ટ્રસ્ટના વિકાસ માટે અથવા ટ્રસ્ટના હેતુની પરિપુર્તી માટે પ્રમુખ અથવા મેનેજીંગ ટ્રસ્ટી સરકારી, બીન સરકારી સંસ્થાઓ સાથે મૌખીક, લેખીત વાતચીત કરી શકશે, ટ્રસ્ટ વતી પ્રમુખ અથવા મેનેજીંગ ટ્રસ્ટી, સરકારી સંસ્થા, અર્ધસરકારી સંસ્થા, ખાનગી સંસ્થાઓ તેમજ વિદેશની સરકારી કે બિન સરકારી સંસ્થાઓ સાથે જોડાણ કરવા માટે જરુરી વાતચીત કરારો કરવા, દસ્તાવેજ કરવા, પત્રો લખવા, લખાણ કરવાના કાગળોમાં સહી કરવાની સતાઓ રહેશે.

(૮) ટ્રસ્ટ પ્રમુખ અથવા મેનેજીંગ ટ્રસ્ટી, ટ્રસ્ટના વિકાસ માટે તથા ટ્રસ્ટના ઉદેશો અને હેતુઓની પુર્તી કરવા ટ્રસ્ટ માટે સરકારી, અર્ધ સરકારી, ખાનગી સંસ્થા, વિદેશની સંસ્થા અને કોઈ વ્યકિત પાસેથી ગ્રાન્ટ ભેટો અથવા ડોનેશન લઈ શકશે, સ્વીકારી શકશે આ ઉપરાંત ટ્રસ્ટ તેના હેતુની પરીપુર્તી કરવા માટે રાષ્ટ્રીયકૃત બેંક, સહકારી બેંક વગેરે પાસેથી લોન લઈ શકશે અને તેને સબંધીત કરાર કરી શકશે.

૭) ટ્રસ્ટની મીટીંગોઃ

(ક) મેનેજીંગ ટ્રસ્ટી મીટીંગોનું પ્રમુખ સ્થાન સંભાળશે તેમની ગેરહાજરીમાં અન્ય ટ્રસ્ટીઓમાંથી કોઈપણ એકને પ્રમુખ સ્થાન માટે નકકી કરવામાં આવશે અને તેઓ મીટીંગનું સંચાલન કરશે.

(ખ) ટ્રસ્ટની મીટીંગોનું કોરમ ૧/૩ સભ્યો ગણાશે. સંજોગોવશાત કોરમ ન થાય તો અડધા કલાક પછી તે જ મુલતવી રાખેલ મીટીંગ ફરી મળશે તેમાં કોરમની જરુરીયત રહેશે નહીં.

(ગ) ટ્રસ્ટીઓ જરુરી લાગે તેટલી સમીતીઓ કે પેટા સમીતીઓ નીમી શકશે.

(ઘ) આ ટ્રસ્ટના બંધારણમાં સુધારાઓ કરવામાં આવે તે સીવાય બાકીની બધી બાબતો સાદી બહુમતીથી નકકી કરાશે. સભાના પ્રમુખ જરુરી સુધારાઓ કરી કરાવી શકશે.

(ચ) આ ટ્રસ્ટના બંધારણમાં સુધારા વધારા કરવા માટે ૨/૩ બહુમતી થી જરુરી ફેરફાર કરી શકાશે.

૮) નાણાકીય વર્ષઃ

આ ટ્રસ્ટનું નાણાકીય વર્ષ અંગ્રેજી વર્ષની પહેલી એપ્રીલ થી શરુ થઈ ૩૧ મી માર્ચ સુધીનું રહેશે અને વર્ષન્તે તમામ હિસાબો અદ્યતન કરવાનાં રહેશે.

૯) ઉપરોકત તમામ જોગવાઈઓ જે તે સમયના કાયદાને આધીન રહીને કરવામાં આવશે.

| ટ્રસ્ટીઓનું નામ | | ટ્રસ્ટીઓની સહી |
|---|---|---|
| (૧) | શ્રી અમરભાઈ આચાર્ય | ૧: અમર આચાર્ય |
| (૨) | શ્રી રાજુભાઈ બાભંણીયા | ૨: Raju Bhambhaniya |
| (૩) | શ્રી કૌશિકભાઈ પંડયા | ૩: Kaushik Pandya |
| (૪) | શ્રી ધર્મેન્દ્રસિંહ ગોહિલ | ૪: DGohil |
| (૫) | શ્રી આશીષ આચાર્ય | ૫: આશીષ આચાર્ય |

NOTARIAL NOTARIAL NOTARIAL NOTARIAL

NOTARY J. R. JADEJA BHAVNAGAR DIST. Gujarat State Reg. No. 821 GOVT. OF GUJARAT

ઉપરના ટ્રસ્ટીઓએ મારી રુબરુ સહી કરી છે.

સ્થળઃ ભાવનગર

તારીખઃ ૦૬/૧૧/૧૯૯૯

COMPARED BY ME

JAYPALSINH R. JADEJA
NOTARY, BHAVNAGAR